# કોર્ટ અને તમારુ બાળક:
# જ્યારે મમ્મી પપ્પા છૂટા થઈ જાય

## સહેલા શબ્દો અને ચિત્રો



wake smith
Incorporating Benson Clegg
Solicitors

Barristers at BankHouse

# કોર્ટ અને તમારુ બાળક



બાળક



પપ્પાનાં વકિલ



મમ્મીનાં વકિલ



બેરિસ્ટર

# જ્યારે મમ્મી પપ્પા છૂટા થઈ જાય

## લોકો

**જે લોકો વિષે આ ચોપડીમાં જણાવવામાં આવશે.**



મમ્મી



પપ્પા



મિડિયેટર



માસી



મમ્મીનીં ફ્રેન્ડ



દાદા



કાફકાસ ઑફિસર 1



કાફકાસ ઑફિસર 2






# લખાણ

1. મમ્મી પપ્પા અને બળક સાથે મળીને ફેમેલી બને છે અને બાળકને મોટા કરવાની જવાબદારી મમ્મી પપ્પાની હોય છે.

2. પણ જ્યારે મમ્મી પપ્પા એક બીજાને પ્રેમ ન કરે તો છૂટા પડી જવાનું નક્કી કરે છે અને પછી વિચરવું પડે છે કે બાળક ક્યાં અથવા કોની સાથે રહેશે.



3. અમૂક મમ્મી પપ્પા નક્કી કરી શકે છે કે તેઓનું બાળક ક્યાં અને કોની સાથે રહેશે અને એકબીજા સાથે કેટલો સમય ગાળશે.


# રેઝિડન્સ



# કૉન્ટેક્ટ



**4.** આ ગોઠવણને રેઝિડન્સ કહેવામાં આવે છે અથવા બાળક કોની સાથે રહે છે અને કોની સાથે કેટલો સમય ગાળવો એને કૉન્ટેક્ટ કહેવામાં આવે છે.




**5.** અમૂક વખતે મમ્મી પપ્પા નક્કી નથી કરી શકતા કે બાળક કોની સાથે રહેશે અથવા ક્યારે મળશે કેમકે કદાચ છૂટા પડી ગયા પછી તેઓને બનતુ ન હોય.




**6.** આ ગોઠવણો કરવા માટે કદાચ કટુંબનાં અમૂક સભ્યો મદદ કરી શકે. કુટુંબમાં બધાયને બળકોને મળવું ગમશે.



7. અમૂક વખતે નિર્ણયો લેવા માટે મિડિયેટર મદદ કરી શકે. જ્યારે મમ્મી પપ્પા મિડિયેટરને મળે અને પછી બાળકનાં સારા માટે તેઓ નક્કી કરે.
તેઓને બાળકોની ગોઠવણ કરવા વિષે કોઈ ચિંતા થતી હોય એના વિષે કદાચ  મિડિયેટર સાથે વાત કરી શકે.



8. અમૂક વખતે નિર્ણય લેવા માટે કોર્ટમાં જવું પડે છે અને પછી જજ મમ્મી પપ્પાનું સાંભળીને નક્કી કરે છે કે મમ્મી પપ્પા કઈ રીતે બાળકને ઊછેરવાની જવાબદારી ઊપાડી શકે.




**9.** જે મમ્મી પપ્પા કોર્ટમાં જાય છે તેઓને વકિલ મદદ કરી શકે છે. તમારે વકિલ ન પણ વાપરવા હોય છતાં, કોર્ટમાં શું થશે એ જાણવા માટે તેઓ તમને મદદ કરી શકે.




**10.** વકિલો સહેલાયથી શોધી શકાય છે. યેલો પેઈજીસમાં તેઓનાં નામ છાપેલા હોય છે. તમે સિટિઝન એટવાઈઝ પાસેથી પણ સલાહ લઈ શકો.




**11.** સૌથી પહેલા કોર્ટમાં એપ્લિકેશન કરવી પડે. એમાં તમે જણાવી શકો કે બાળકનું શું થવુ જોઈએ અને શા માટે થવું જોઈએ. મા કે બાપ એપ્લિકેશ કરી શકે. તેઓ જણાવી શકે કે તકલિફ શું છે. બન્નેયએ કોર્ટમાં જવુ પડે.




**12.** કોર્ટને એપ્લિકેશન મળે પછી તમને વકિલ સાથે કોર્ટમાં જવાની તારીખ અને સમય જણાવવામાં આવશે. કોર્ટમાં તમે વકિલ સાથે જવું પડશે અને સાથે કોઈને સથવારા માટે લઈ જઈ શકે. જો તમે કોઈ ફ્રેન્ડ સાથે આવ્યા હોવ તો તેઓ તમારી સાથે કોર્ટની અંદર જજ સામે નહિ આવી શકે પણ તમે જજની રજા માંગી શકો .




**13.** તમે કોર્ટમાં પહેલી વખત જાવ ત્યારે કદાચ કાફકાસ ઓફિસરને મળશો. બાળકનું શું થવું જોઈએ, એ વિષે ઓફિસર મમ્મીની વાત અને પપ્પાની વાત સાંભળશે. એ ઓફિસર તમને અમૂક સલાહ આપશે કે તમે શું કરી શકો.


તમે જ્યારે કાફકાસ ઓફિસરને મળો તો એવું નથી કે તમારા પતી કે પત્ની સાથે જ મળવું જોઈએ, પણ જો મા-બાપ એક રૂમમાં સાથે મળી શકે તો કાફકાસ ઓફિસર સાથે વાત થઈ શકે. કાફકાસ ઓફિસર કોઈ નિર્ણય નહિ કરે.



14. બીજા એક રૂમમાં જજ પણ હશે તેને જાણવું હોય છે કે માબાપ શું માંગે છે. કાફકાસ ઓફિસરની વાત જજ સાંભળશે. પછી તકલિફ દૂર કરવા માટે શું થવું જોઈએ એ વિષે જજ અમૂક સલાહ આપશે.




**15.** જો મમ્મી અને પપ્પા બાળક મળવા અને રહેવા વિષે નક્કી કરી શકે તો જે નક્કી થયું હશે એ વિષે જજ ઑર્ડર લખી આપશે. જો મમ્મી અને પપ્પા એમ થાય કે તેઓને ઓર્ડનની જરૂર નથી કેમકે તેઓ બન્નેય મળીને બાળક વિષે નક્કી કરી શકે છે તો કદાચ જજ ઑર્ડર નહિ લખે.



**16.** આ બધીય સગવડ છતાંય મમ્મી પપ્પા નક્કી ન કરી શકે તો એક કાફકાસ ઓફિસર મમ્મી અને પપ્પા સાથે વાત કરીને એ વિગતો લખશે અને બીજા કાફકાસ ઑફિસર મમ્મી પપ્પા અને બાળકની વિગતો સાંભળીને લખશે.






17. આ કાફકાસ ઓફિસર મમ્મીને મળશે અને તેઓ પપ્પાને પણ મળશે પછી કાફકાસ ઓફિસર જોશે કે બળક મમ્મી અને પપ્પા સાથે કેવી રીતે વર્તે અને જોશે કે બાળકને મમ્મી કે પપ્પા સાથે બને છે કે નહિ.




**18.** કાફકાસ ઓફિસર બાળકની સ્કૂલ અને નર્સરી સાથે વાત કરશે. તેઓ હેલ્થ વિઝિટર સાથે પણ વાત કરશે. કાફકાસ ઑફિસર કદાચ નાના કે દાદા સાથે પણ વાત કરશે.





**19.** કાફકાસ ઑફિસર પછી બધી વિગતો લખીને રિપોર્ટ બનાવશે. એ રિપોર્ટમાં જજને જાણવા મળશે કે કાફકાસ ઑફિસર પ્રમાણે મમ્મી અને પપ્પા કઈ રીતે બાળકની સંભાળ રાખવાની ગોઠવણ કરી શકે.





**20.** એ રિપોર્ટને તૈયાર કરતા 14 અઠવાડીયા લાગી શકે. રિપોર્ટ તૈયાર થઈ જાય પછી મમ્મી અને પપ્પાને પોતપોતાના વકિલો સાથે કોર્ટમાં જવું પડે. પછી તેઓ જોશે કે હવે બાળકોના સારા માટે તેઓ કઈ ગોઠવણ કરી શકે.




**21.** કોર્ટમાં જતા પહેલા મમ્મી અને પપ્પાને પોતપોતાના વકિલ સાથે રિપોર્ટ વાંચવાની તક મળશે. જેથી તેઓ સમજી શકે કે એમાં શું શું લખ્યું છે અને શું ભલામણ કરી છે.





22. જો મમ્મી ને પપ્પા નક્કી કરી શકે, કે તેઓએ બાળક વિષે શું ગોઠવણ કરી છે, દાખલા તરીકે બાળક કોની સાથે રહેશે કેવી રીતે બીજા મા કે બાપને મળશે તો જજ તમારી ગોઠવણ વિષેનો ઓર્ડર લખી આપશે.



23. જો તેઓ નક્કી ન કરી શકે તો પછી કોર્ટમાં જજ મમ્મીની વાત સાંભળશે, પપ્પાની વાત સાંભળશે અને કાફકાસ ઓફિસરની વાત સાંભળશે જેથી જજ આખરી નર્ણય લઈ શકે.

મમ્મી અને પપ્પાએ પોતપોતાના વકીલોને પોતપોતાના વિચારો જણાવવા પડશે. જજ માટે વકીલ એ માહિતી લખી લેશે. તમારે જજને જે કંઈ જણાવું હોય એ જણાવી શકો. એ સ્ટેઈટમેન્ટમાં તમે બધી વિગતો જણાવી શકો અને તમે શું ચાહો છો એ પણ જણાવી શકો. તમે જે કંઈ લખાવો એ બધુય સાચુ હોવું જોઈએ.





24. જ્યારે તમારા સ્ટેઈટમેન્ટ લખાઈ જાય ત્યારે એને કોર્ટમાં મોકલવામાં આવે છે અને સમેવાળાના વકીલને પણ મોકલવામાં આવે છે. આ રીતે જજ સહીત બધાય જાણી શકે કે તમે એક બીજા વિષે શું વિચારો છો અને શું વિગતો છે. આમાં તમે કંઈ કોઈ પાસેથી છૂપાવી ન શકો!





25. તમારે કોર્ટમાં ક્યારે જવું એ તારીખ તમને જણાવવામાં આવશે. એ દિવસ તમારો ઘણો સમય માંગી લેશે. કેમ કે જજ મમ્મીની વાત સાંભળશે, પપ્પાની વાત સાંભળશે અને કાફકાસ ઓફિસરની વાત સાંભળશે અને બીજા કોઈ પણ લોકો જે મમ્મી પપ્પાને ટેકો આપી શકે અને જજને તેઓની વાત જણાવી શકે.

26. બીજા લોકોને સાક્ષીઓ કહેવાય. તેઓ તમને મદદ કરી શકે અને તમે જે ન કહી શકો એ તેઓ જણાવી શકે. તમે કંઈ પણ બાબત બેરિસ્ટરને જણાવી શકો જેથી જજ તમારી બધીએ વાત જાણી શકે. બેરિસ્ટર વકીલ છે જે કોર્ટમાં જાય છે.




27. જજ જ્યારે બધાયની વાત સાંભળી લે પછી નર્ણય લેશે. જજ પોતાનો આખરી ફેંસલો જણાવશે અને ઓર્ડર લખી આપશે.





28. જજે જે નિર્ણય લીધો હોય એ લખાણમાં પણ આપી શકે. જેથી માબાપ વકીલની મદદ લઈને પછી એને વાંચી શકે.




**29.** તમારા બાળકો વિષે નક્કી કરવામાં તમને તકલિફ પડી એનો જજે જે જવાબ આપ્યો હોય એ ઓર્ડરમાં લખ્યો હોય છે. એમાં જે લખ્યું એ પ્રમાણે તમારે કરવું જ જોઈએ.




**30.** જો તમારા વકીલને લાગે કે જજે ખોટો નિર્ણય લીધો છે, કેમ કે નિયમનો બરાબર અમલ નથી થયો તો તમે અપિલ કરી શકો. બહુ ઓછા કેસ અપીલ થાય છે. મોટા ભાગે જજ ખોટા નિર્ણયો લેતા નથી. તમને જજનો ન્યાય કદાચ ન પણ ગમે છતાંય એ નિયમ પ્રમાણે ખોટો નિર્ણય નથી.




**31.** હવે મમ્મી પપ્પા ઉપર છે જેથી જે ગોઠવણો કોર્ટે નક્કી કરી હોય એને અમલમાં મૂકે. જો એ સારી રીતે કરી શકે તો બધાય ખુશ રહેશે ખાસ કરીને બાળકો.



**32.** જો એ ગોઠવણો બરાબર ચાલતી ન હોય તો પાછું કોર્ટમાં વધુ મદદ માટે આવવું પડશે. **bring the case back to the court for some more help.**



33. જજ નથી ચાહતા કે તમે વારંવાર કોર્ટમાં જ આવ્યા કરો, પણ તમને કદાચ એમ લાગશે કે થોડાક મહિના પછી જોવું પડે કે બધીએ ગોઠવણો સારી રીતે ચાલે છે કે નહિ.




**34.** જો એમ થાય તો કોર્ટમાં ફરી કાફકાસ ઓફિસર જજને ટૂંકો રિપોર્ટ આપે છે. જજ જોઈ શકશે કે બધુય કેવું ચાલે છે. મોટે ભાગે જે જજે અગાઉ ન્યાય કર્યો હશે એ જ જજ હશે.







35. જજને ન્યાય લેવા માટે કઈ કઈ બાબતોનો વિચાર કરવો પડે છે? નર્ણય લેતા પહેલા જજે પોતાને અમૂક પ્રશ્નો પૂછવા પડે છે.

- બાળકના સારા માટે જે કંઈ કરવાનું હોય એનો સૌથી પહેલા વિચાર કરશે.

- બાળક જે કંઈ કહે અથવા ચાહે એનો વિચાર જજે કરવો જ પડે. – પણ એ બાળકની ઊમર અને સમજણ આધારે છે. કાફકાસ ઓફિસર આ બધીય વિગતો જજને જણાવે છે. જજ પોતે બાળકોને નથી મળતા.

- બાળકની શું જરૂરીઆત છે એનો વિચાર જજે કરવો જ પડે. – બાળકનું ધ્યાન રાખવું, તેનું ભણતર, અને તેઓની લાગણી.






- ફેરફાર થાય તો એની અસર બળક પર શું પડશે એનો વિચાર જજે કરવો પડે – માબાપ છૂટા પડી ગયા હોય તો બાળકને ફેરફાર કરવો અઘરો લાગી શકે.

- જજે જોશે કે મા અને બાપ બાળકનું ધ્યાન રાખી શકે છે કે નહિ.

- જજ એ પણ જોશે કે બાળકને કંઈ હાની થઈ છે કે નહિ. અને જો થઈ હોય તો કોને કરી છે એ પણ જોવું પડે.


- કાફકાસ ઓફિસરના રિપોર્ટમાં અથવા માબાપે બીજુ જે કંઈ જણાવ્યું હોય એનો પણ વિચાર જજે કરવો જ પડે.




36. ઘણાય માબાપ છેલ્લી ઘડીએ સમજુતી કરીને ગોઠવણ કરી શકે છે અને જજની પાસે જવાની જરૂર હોતી નથી. જજ એ જ ચાહે છે. જો માબાપ પોતે ગોઠનણ કરી શકે તો સારુ કેમકે જજને લોકોનાં જીવનમાં દખલ નથી કરવી.





**37.** કોર્ટમાંથી બધુય પતી જાય પછી હંમેશા તમારા વકિલ સાથે વાત કરવી જેથી શું થયું અને શા માટે થયું એ તમને સમજાવી શકે. બાળકનું ધ્યાન કેવી રીતે રાખવા વિશેની ગોઠવણો બરાબર સમજજો. મમ્મીની શું જવાબદારી છે? પપ્પાની શું જવાબદારી છે? બાળક મમ્મી સાથે ક્યારે સમય ગાળશે અને પપ્પા સાથે ક્યારે એ ગોઠવણો પણ બરાબર સમજી લેવી.





બધાયને ખબર હોય એ રીતે જ મળવાનું ચાલું રાખવું. બાળકો ખબર હોય કે કયા દિવસે શું કરવાનું છે અને એજ પ્રમાણે થયા રાખે તો તેઓ પણ ખુશ રહેશે. બર્થડે અને ક્રિસમસ ભૂલતા નહિ. જે દિવસે બાળકને મળવાનું હોય એ દિવસે ઝગડા નહિ કરતા – તેઓનું જૂઓ.



**38.** પછી ગોઠવણો ચાલુ રાખવાનું કામ માબાપ પર છે. જો કંઈ તકલિફ ઊભી થાય તો તમને મદદ કરવા માટે લોકો હોય છે.



**39.** જો તમને લાગે કે ફરી કોર્ટમાં જવાથી તકલિફ દૂર થઈ શકે તો જઈ શકો છો અને વકિલની મદદ લઈ શકો.





**40.** બાળકો જેમ જેમ મોટા થાય એમ એમ પોતાના દોસ્તો વિષે અને સ્કૂલે શું કરવું છે એમાં ફેરફારો થશે. તેઓને ફ્રેન્ડ્સ સાથે અથવા સ્કૂલમાં કંઈક એક્ટિવિટિ પણ કરવી ગમે. તેઓને કદાચ ક્લબમાં જવું ગમે થવા વિકેન્ડમાં કંઈક કરવું ગમે.

મમ્મી અને પપ્પા તેઓને એ કરવા મદદ કરી શકે. અને બન્નેય તેઓને મદદ કરી શકે. પણ એનો અર્થ થાય કે બાળકની અમૂક ગોઠવણમાં ફેરફાર પણ કરવો પડે.



**41.** અમૂક વખતે બાળકને મમ્મી કે પપ્પા સાથે જવું ન ગમે. જો બાળક તમારી પાસે હોય તો તમારે એને મદદ કરવી પડે જેથી એ મમ્મી કે પપ્પા પાસે જાય. બાળક શા માટે એવી હઠ કરે છે એ સમજવાની કોશીશ ક શકો. એના વિષે તમે પતિ-પત્ની તરીકે વાત કરી શકે. ઊતાવડે કોર્ટમાં ન જતા.



## Parental Responsibility


**42.** જ્યારે સ્ત્રી મા બને છે ત્યારે તેના પર મા તરીકેની જવાબદારી આવે છે અને તેણે બાળક વિષે નિર્ણયો લેવા પડે છે. આને બાળક વિષેની માની જવાબદારી કહેવાય છે. તે મા છે એટલે એ જવાબદારી હંમેશા તેની જ રહે છે.





## Parental Responsibility

બાળક જનમે ત્યારે જો પિતાના લગ્ન થયા હોય અથવા તે માતા સાથે પછી લગ્ન કરે તો માતા સાથે પિતા પર પણ બાળકની જવાબદારી આવે છે. માતા કે પિતાના લગ્ન ન થયા હોય અને બાળક ડિસેમ્બર 2003 પહેલા જન્મયુ હોય તો અને પિતાનું નામ બર્થ સર્ટિફિકેટમાં હોય તો તેને પણ માતા જેવી જ જવાબદારી મળે છે.





# Parental Responsibility

મા બાપ સાથે મળીને બાળકની જવાબદારી ઊપાડી શકે છે. તેઓ કોર્ટમાં જઈને પેરેન્ટલ રિસ્પોન્સિબિલિટી એગ્રિમેન્ટ કરી શકે. જો મા બાપ સાથે મળીને નક્કી ન કરી શકે તો કોર્ટ બાપને પેરેન્ટલ રિસ્પોન્સિબિલિટી એગ્રિમેન્ટ આપી શકે છે.

જે પિતા છૂટા પડી ગયા હોય એના માટે પેરેન્ટલ રિસ્પોન્સિબિલિટી એગ્રિમેન્ટ જરૂરી છે. પિતાના વકિલ એ મેળવવા મદદ કરી શકે. પિતા પાસે પેરેન્ટલ રિસ્પોન્સિબિલિટી એગ્રિમેન્ટ હશે તો એનો અર્થ એ થાય કે પિતાને બાળકનો સ્કૂલ રિપોર્ટ મળી શકે અને બાળકની હેલ્થ વિષે, ભણતર વિષે તે પણ નિર્ણય લેવામાં ભાગ લઈ શકે.



43. કોર્ટ પ્રોહિબિટેડ સ્ટેપ્સ ઓર્ડર પણ આપી શકે. એટલે કે માતા કે પિતા બાળકની અટક એકબીજાને જણાવ્યા વગર બદલી ન શકે. અથવા મા કે બાપ એકબીજાને જણાવ્યા વગર પોતાના બાળકને બીજા કોઈ દેશમાં ન લઈ જઈ શકે. આ ઓર્ડર એકબીજાને જાણ કર્યા વગર કંઈ નહિ કરવાનું જણાવે છે.



**44.** છેવટે, તમને કંઈ કરવા માટે પણ રજા આપી શકે છે. એને સ્પસિફિક ઈશ્યુ ઓર્ડર કહેવાય છે. જો પિતા બાળકને હૉલિડેમાં લઈ જવા ચાહે અને માતા ના પાડે તો પણ કોર્ટ રજા આપી શકે છે. હરવખત આવી રજા કોર્ટ તરફથી નહિ મળે. બાળકનાં સારા માટે જે થવું જોઈએ એ જજ જોશે.

જ્યારે માબાપ છૂટા પડી જાય, અને બાળકનું શું કરવું એ સમજૂતી કરીને નક્કી ન કરી શકે તો કોર્ટ મમ્મી પપ્પાને મદદ કરવા માટે છે અને બાળકના સારા માટે શું થવું જોઈએ એ જણાવવા માટે છે.



Words to Pictures

made accessible by:

CHANGE
tel: 0113 243 0202
minicom: 0113 243 2225
www.changepeople.co.uk

illustrations © CHANGE 2006

This booklet was produced by:

David Hawkins, barrister
tel: 0114 275 1223
Sarah Jane Lynch, solicitor
tel: 0114 266 6660

The costs of printing this book have been paid by Wake Smith